## પરિશિષ્ટ-4

## SEBI અને સ્ટોક એક્સચેંજીસ દ્વારા સ્ટોક બ્રોકર્સ, સબ-બ્રોકર્સ અને ગ્રાહકો માટે નિયત કરાયેલા હક્કો અને ફરજો

1. એક્સચેંજીસ/સિક્યોરિટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) દ્વારા વ્યાખ્યાયિત કરાયેલા નિયમો, પેટા-નિયમો અને નિયમનો તેમજ વિવિધ સમયે જાહેર કરાયેલા પરિપત્રો/નોટિસ પ્રમાણે એક્સચેંજીસ ઉપર લેવડ-દેવડ માટે ગ્રાહક સિક્યોરિટીઝ/કોન્ટ્રાક્ટસ/અન્ય સાધનોમાં રોકાણ/ટ્રેડ કરી શકશે.

2. એક્સચેંજના તમામ નિયમો, પેટા-નિયમો અને નિયમનો તથા SEBI દ્વારા નિયમો અને ધારાધોરણો હેઠળ જાહેર કરવામાં આવેલા પરિપત્રો/નોટિસ તેમજ વિવિધ સમયે સરકારી સત્તામંડળ દ્વારા અમલમાં મૂકવામાં આવેલા સંબંધિત જાહેરનામા સાથે સ્ટોક બ્રોકર, સબ-બ્રોકર અને ગ્રાહક બંધાયેલા રહેશે.

3. ગ્રાહકે સિક્યોરિટીઝ અને/અથવા ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ્સમાં લેવડ-દેવડ કરવા બાબતે અને સ્ટોક બ્રોકર મારફતે પોતાના ઓર્ડરને અમલમાં મૂકે તેવી અપેક્ષા રાખતા પહેલાં સ્ટોક બ્રોકરની ક્ષમતાઓ અંગે પોતાની જાતને સંતુષ્ટ કરવી જોઈએ, આ ઉપરાંત સ્ટોક બ્રોકર ઓર્ડરનો અમલ કરે તે પહેલાં તેની આ પ્રકારની ક્ષમતાઓ અંગે ગ્રાહકે વિવિધ સમયે પોતાની જાતને સંતુષ્ટ કરવી જોઈએ.

4. સ્ટોક બ્રોકરે ગ્રાહકની વાસ્તવિકતા અને નાણાંકીય સદ્ધરતા તથા તેના દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતી સેવાઓ સંબંધિત નાણાકીય હેતુ વિશે પોતાની જાતને સંતુષ્ટ કરવી જોઇએ.

5. સ્ટોક બ્રોકરે તેના દ્વારા જે લેવડ-દેવડ કરવાની છે, તે સંબંધિત જવાબદારીઓ તેમજ સ્ટોક બ્રોકર દ્વારા કરવામાં આવતા કાર્યો સંબંધિત કોઈપણ પ્રકારની મર્યાદાઓ, જવાબદારીઓ અને ક્ષમતાઓ અંગે ગ્રાહકને જાણકારી આપવા પગલાં ભરવા જોઈએ.

6. સ્ટોક બ્રોકરની ગ્રાહક સાથેની તમામ લેવડ-દેવડમાં સબ-બ્રોકરે તમામ પ્રકારનો સહયોગ અને સહકાર આપવો જોઈએ.

**ગ્રાહક માટેની માહિતી**

7. સ્ટોક બ્રોકર દ્વારા "એકાઉન્ટ ઓપનિંગ ફોર્મ"માં માંગવામાં આવેલી તમામ માહિતી ગ્રાહકે સહાયક વિગતો સાથે ઉપલબ્ધ કરાવવાની રહેશે, જે સ્ટોક એક્સચેંજીસ/SEBI દ્વારા વિવિધ સમયે ફરજીયાત બનાવવામાં આવ્યું છે.

8. એકાઉન્ટ ઓપનિંગ દસ્તાવેજમાં ગ્રાહકે તમામ ફરજીયાત જોગવાઈઓથી પોતાની જાતને પરિચિત કરાવવાની રહેશે. ગ્રાહક દ્વારા સ્વિકારવામાં આવેલા નિયમો અને શરતો મુજબ સ્ટોક બ્રોકરો દ્વારા દર્શાવવામાં આવેલા વધારાના ક્લોઝ અથવા દસ્તાવેજ ફરજીયાત ન હોઈ શકે.

9. એકાઉન્ટ ખોલવામાં આવ્યું હોય તે સમયે અથવા તે બાદ 'એકાઉન્ટ ઓપનિંગ ફોર્મ'માં જો કોઈ બદલાવ હોય તો ગ્રાહકે તાત્કાલિક ધોરણે સ્ટોક બ્રોકરને આની જાણકારી આપવાની રહેશે; આમાં અરજી પાછી ખેંચી લેવી/નાદારીની અરજી અથવા કોઈપણ અરજી કે જે તેની ક્ષમતા સાથે સંકળાયેલી હોય. ગ્રાહકે સમયાંતરે બ્રોકરને પોતાની નાણાકીય માહિતી અંગેની જાણકારી/તેમાં સુધારા અંગેની જાણકારી આપવી જોઈએ.

10. સ્ટોક બ્રોકર અને સબ-બ્રોકરે ગ્રાહક દ્વારા એકાઉન્ટ ઓપનિંગ ફોર્મમાં આપવામાં આવેલી તમામ માહિતી અથવા ગ્રાહક સંબંધિત અન્ય માહિતી, ગુપ્તતા સંબંધિત જાળવી રાખવાની રહેશે અને આ ઉપરાંત જો કાનૂની/નિયમાકીય જરૂરિયાતોને બાદ કરતાં આ માહિતી કોઈપણ વ્યક્તિ / સત્તામંડળ સમક્ષ જાહેર કરવી જોઈએ નહીં. જોકે, ગ્રાહકની મંજૂરી મેળવ્યાં બાદ સ્ટોક બ્રોકર તેના ગ્રાહકની માહિતી કોઈપણ સમક્ષ જાહેર કરી શકે છે.

**માર્જિન**

11. સ્ટોક બ્રોકર અથવા એક્સચેંજ અથવા SEBI દ્વારા વિવિધ સમયે ગ્રાહક જે સેગમેન્ટ(સ)માં ટ્રેડ કરે છે તેના માટે નક્કી કરાયેલા અને લાગુ પડતાં પ્રારંભિક માર્જિન, વિથ હોલ્ડીંગ માર્જિન, સ્પેશિયલ માર્જિન, અથવા આવા અન્ય માર્જિનને ગ્રાહકે ચૂકવવા પડશે. સ્ટોક બ્રોકરને વધારાના માર્જિન (એક્સચેંજ, ક્લિઅરિંગ હાઉસ/કોર્પોરેશન અથવા SEBI દ્વારા જરૂરી ન

ગણવામાં આવ્યું હોય તો પણ) વસૂલવાની અબાધિત અને પૂર્ણ મંજૂરી છે અને ગ્રાહક નિયત સમયગાળામાં આ માર્જિન ચૂકવવા માટે બંધાયેલા છે.

12. ગ્રાહક સમજે છે કે તે તેના દ્વારા ચૂકવવામાં આવેલા માર્જિન તેની તમામ બાકી ચૂકવણીઓ માટે લાગુ પડતા નથી. સતત માર્જિન ચૂકવવા છતાં ગ્રાહક તેના ટ્રેડના સેટલમેન્ટ માટે (અથવા લેવા બંધાયેલ) તેમજ કોન્ટ્રાક્ટને લેવા/અપનાવવા માટે આ પ્રકારની ચૂકવણી કરવા માટે બંધાયેલો છે.

**ટ્રાન્ઝેક્શન અને સેટલમેન્ટ**

13. ગ્રાહકે સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ ખરીદતી વખતે અથવા વેચતી વખતે લેખિતમાં ઓર્ડર આપવાનો રહેશે અથવા સ્ટોક બ્રોકર અને ગ્રાહક વચ્ચે થયેલી પારસ્પરિક સમજૂતી પ્રમાણે અન્ય કોઈ પ્રકારે ઓર્ડર આપવાનો રહેશે. સ્ટોક બ્રોકરે તે ગ્રાહકને આપવામાં આવેલા યુનિક ગ્રાહક કોડમાં જ ગ્રાહકના ઓર્ડર મૂકવામાં આવે અને ટ્રેડ કરવામાં આવે તે બાબત સુનિશ્ચિત કરવાની રહેશે.

14. સ્ટોક બ્રોકરે તેના ગ્રાહકને તમામ માહિતી ઉપલબ્ધ કરાવવી જોઈએ તથા ટ્રેડિંગ/સેટલમેન્ટ સાઈકલ, ડિલિવરી/પેમેન્ટના સમયપત્રક, અન્ય કોઈપણ પ્રકારના ફેરફારો અંગે સમયાંતરે ગ્રાહકને વિગતો આપવી જોઈએ, આની સામે ગ્રાહકની જવાબદારી એ રહે છે કે તે કરવામાં આવેલા ટ્રેડ સંબંધિત સ્ટોક એક્સચેંજના આ પ્રકારના તમામ સમયપત્રક/પ્રક્રિયાઓને પૂર્ણ કરે.

15. સ્ટોક બ્રોકરે એ બાબત સુનિશ્ચિત કરવાની રહેશે કે SEBI ના નિયમો, નિયમનો, પરિપત્રો, નોટિસ, માર્ગદર્શિકાઓ અને/અથવા એક્સચેંજના નિયમો, નિયમનો, પેટા-નિયમો, પરિપત્રો અને નોટિસમાં દર્શાવાયેલા હેતુ સિવાય તે ગ્રાહક દ્વારા જમા કરાવવામાં આવેલા નાણા/સિક્યોરિટી ડિપોઝિટને એક અલગ ખાતામાં રાખે, પોતાના વ્યક્તિગત ખાતાથી તેને અલગ રાખે અથવા અન્ય ગ્રાહકના ખાતાથી પણ અલગ રાખે તથા બ્રોકર આ નાણાંનો વ્યક્તિગત ઉપયોગ ન કરે અથવા અન્ય ગ્રાહક માટે પણ ઉપયોગ ન કરે.

16. જ્યારે એક્સચેંજ(સ) પોતાની જાતે તમામ ટ્રેડ(સ)ને રદ કરે ત્યારે ગ્રાહક વતી કરવામાં આવેલા તમામ ટ્રેડ પણ વાસ્તવમાં રદ થયેલા ગણાશે, સ્ટોક બ્રોકરે તેમના ગ્રાહક(કો) સાથે સંબંધિત કોન્ટ્રાક્ટ(સ) રદ કરવા માટે બંધાયેલા હોય છે.

17. એક્સચેંજ પર જે પણ લેવડ-દેવડ કરવામાં આવી હોય તે જ્યાં ટ્રેડ અમલમાં મુકાય છે તે એક્સચેંજીસ દ્વારા જાહેર કરવામાં આવેલા નિયમો, પેટા-નિયમો અને નિયમનો તથા પરિપત્રો/નોટિસોને આધિન હોય છે, અને જ્યાં ટ્રેડ અમલમાં મુકાય છે તે એક્સચેંજીસ દ્વારા નક્કી કરાયેલા પેટા-નિયમો અને નિયમનો પ્રમાણે આ પ્રકારના ટ્રેડ સાથે સંબંધિત તમામ પક્ષો કોર્ટના અધિકાર ક્ષેત્ર હેઠળ આવે છે, આ એક્સચેંજીસના નિયમો, પેટા-નિયમો અને નિયમનો સંબંધિત જોગવાઇઓ તથા તે હેઠળ જાહેર કરવામાં આવેલા પરિપત્રો/નોટિસોને આધિન રહીને ટ્રેડ કરવામાં આવ્યું છે.

**બ્રોકરેજ**

18. ગ્રાહકે સમયાંતરે સ્ટોક બ્રોકરને દલાલી અને લાગુ પડતી રકમ ચૂકવવાની રહેશે તેમજ આ ગ્રાહકના ખાતા, વ્યવહાર અને સ્ટોક બ્રોકરે તેના ગ્રાહકને આપેલી સેવાઓ ઉપર લાગુ પડે છે. સંબંધિત સ્ટોક એક્સચેંજીસના નિયમો, નિયમનો અને પેટા-નિયમો અને/અથવા SEBI ના નિયમો અને નિયમનોમાં નક્કી કરાયેલી મહત્તમ દલાલીથી વધુ સ્ટોક બ્રોકર દલાલી વસૂલી શકે નહીં.

**લિક્વિડેશન અને પોઝિશનની સમાપ્તી**

19. સ્ટોક બ્રોકરના અન્ય હક્કો પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના (મુદ્દાને આબ્રિટ્રેશન (લવાદી) સમક્ષ લઈ જવા સહિત) ગ્રાહકે એ બાબતની સમજ રાખવી જોઈએ કે માર્જિન અથવા અન્ય રકમ ન ચૂકવવાના તેમજ બાકીના દેવા ન ચૂકવવા વગેરે જેવા કિસ્સામાં સ્ટોક બ્રોકર ગ્રાહકની તમામ અથવા કોઇ એક પોઝિશનને લિક્વિડેટ/બંધ કરી શકે છે અને ગ્રાહકની જવાબદારીઓ/ફરજોની સામે આ પ્રકારે પોઝિશનના લિક્વિડેશન/બંધ કરી પોતાના લેણા સરભર કરી શકે છે. આ પ્રકારે લિક્વિડેશન/બંધ કરવાની કામગીરી દરમિયાન કોઈપણ પ્રકારે થયેલા નુકસાન અને નાણાકીય ચાર્જીસ ગ્રાહક પાસેથી વસૂલ કરવાના રહેશે.

20. ગ્રાહકના મૃત્યુ અથવા નાદારીના કિસ્સામાં તથા અન્ય કોઇ પરિસ્થિતિમાં નાણાં લેવામાં અને ચૂકવવામાં અથવા સિક્યોરિટીની ડિલિવરી અથવા તેને તબદીલ કરવામાં અક્ષમ હોવા તેમજ ખરીદી અથવા વેચવાનો ઓર્ડર આપ્યો હોય તેવાં કિસ્સામાં, ગ્રાહકના એસ્ટેટની સામે, જો કોઇ હોય તો સ્ટોક બ્રોકર ગ્રાહકની લેવડ-દેવડ બંધ કરીને નુકસાનીનો દાવો કરી શકે છે. ગ્રાહક અથવા તેના નમનિયુક્તિઓ, આનુગામી, વારસદારો અને નામે લેનાર વ્યક્તિ જો બાકીના લેણા નીકળે તો તે ચૂકવવા બંધાયેલા છે. ગ્રાહકે એ બાબતની નોંધ લેવી જોઈએ કે વારસદારની તરફેણમાં ભંડોળ/સિક્યોરિટીઝની તબદિલી માટે કાનૂની વારસાદાર સામે શેર બ્રોકરની માન્ય મંજૂરી હોવી જોઈએ.

21. સ્ટોક બ્રોકરે ગ્રાહકની ચૂકવણી/ડિલિવરી તથા અન્ય પાસાઓમાં નાદારી અગે સંબંધિત એક્સચેંજનું ધ્યાન દોરવું જોઈએ. જે કિસ્સામાં નાદાર ગ્રાહક કોર્પોરેટ સંસ્થા/ભાગીદારી સંસ્થા/માલિકીની કંપની હોય અથવા અન્ય કોઈ કાનૂની સંસ્થા હોય તો સ્ટોક બ્રોકરે ડાયરેક્ટર(રો)/પ્રમોટર(રો)/ભાગીદાર(રો)/માલિક(કો)ના નામ આપવા જોઈએ અને સ્ટોક બ્રોકરે તેમની માહિતી સંબંધિત એક્સચેંજ(સ)ને આપવી જોઈએ.

**વિવાદનું નિરાકરણ**

22. સ્ટોક બ્રોકરે સંબંધિત એક્સચેંજીસ અને સેબીના સંપર્કની વિગતો ગ્રાહકને આપવી જોઈએ.

23. સ્ટોક બ્રોકરે દરેક લેવડ-દેવડ તેના મારફતે થઈ હોવાના કારણે ગ્રાહકની તકરાર નિવારણમાં સહકાર આપવો જોઈએ અને શેરની ખોટી ડિલિવરી, ખોટી ડિલિવરીના રેક્ટિફિકેશન વગેરે સંબંધિત વાંધાઓને દૂર કરવા જોઈએ.

24. જ્યાં ટ્રેડ અમલમાં મુકાયો છે તે એક્સચેંજીસના નિયમો, પેટા-નિયમો અને નિયમનો તથા સમયાંતરે જાહેર કરાયેલા પરિપત્રો/નોટિસો અને તેના અમલીકરણ હેઠળ ગ્રાહક અને સ્ટોક બ્રોકરે ડિપોઝિટ, માર્જિનના નાણા વગેરે સંબંધિત કોઈપણ પ્રકારના દાવા અને/અથવા વિવાદને મધ્યસ્થી (લવાદ) પાસે લઈ જવા જોઈએ.

25. સ્ટોક બ્રોકરે તેના અને ગ્રાહક વચ્ચે થયેલા વ્યવહાર બાદ સર્જાયેલા વિવાદના ઉકેલ માટેની પ્રક્રિયા ઝડપી બને તે સુનિશ્ચત કરવું જોઈએ અને તે આ પ્રકારની પ્રક્રિયામાં મધ્યસ્થીના અમલીકરણ માટે જવાબદાર હોવો જોઈએ.

26. ગ્રાહક/સ્ટોક બ્રોકર સમજે છે કે સત્તાવાર પ્રતિનિધિ દ્વારા વિવાદના ઉકેલ માટે, જો કોઇ હોય તો, અપાયેલા સૂચનોના પાલન માટે ગ્રાહક/સ્ટોક બ્રોકર બંન્ને બંધનકર્તા છે અને ગ્રાહક/સબ-બ્રોકર વતીના પ્રતિનિધિ દ્વારા અપાયેલા સત્તાવાર પત્રની સૂચનાઓનો અમલ કરવાં બંધાયેલા રહેશે.

**સંબધ સમાપ્તિ**

27. સ્ટોક બ્રોકરની નાદારી, મૃત્યુ, રાજીનામા અથવા હકાલપટ્ટી તેમજ બોર્ડ દ્વારા તેનું પ્રમાણપત્ર રદ કરવામાં આવે તે બાબતો સહિત સ્ટોક એક્સચેંજના સભ્ય તરીકે કોઈપણ કારણોસર સ્ટોક બ્રોકરના સભ્યપદને સ્થગિત કરી દેવામાં આવે તો સ્ટોક બ્રોકર અને ગ્રાહક વચ્ચેના આ સંબંધો રદ થઈ જાય છે.

28. સ્ટોક બ્રોકર, સબ-બ્રોકર અને ગ્રાહક સામેના પક્ષને લેખિતમાં નોટિસ આપીને ઓછામાં ઓછા એક મહિના બાદ બહારના કોઈ પક્ષને કંઈપણ કારણ આપ્યા વિના તેમના વચ્ચેના સંબંધોને રદ કરવાનો હક્ક ધરાવે છે. સંબંધોમાં આ પ્રકારની સમાપ્તિ થતાં પહેલાંની પક્ષના તમામ હક્કો, જવાબદારીઓ અને ફરજો તેમજ લેવડ-દેવડ સંબંધિત અસ્તિત્વમાં રહે છે અને બંન્ને પક્ષો અથવા તેમના વારસદારો, અમલકર્તાઓ, સત્તામંડળ, કાનૂની પ્રતિનિધિઓ અથવા આનુગામી કોઈપણ સંબંધિત કેસ દરમિયાન તેના માટે એકબીજા સાથે જોડાયેલા રહે છે.

29. સબ-બ્રોકરના મૃત્યુ/નાદારી અથવા બોર્ડ સાથે તેના રજીસ્ટ્રેશનને રદ કરવા અથવા સ્ટોક એક્સચેંજ દ્વારા સબ-બ્રોકરની માન્યતા રદ કરવી અને/અથવા સ્ટોક બ્રોકર દ્વારા સબ-બ્રોકર સાથેનો કરાર રદ કરવા સહિતના કોઈપણ કારણો અંગે ગ્રાહકને તેની જાણકારી આપવાની રહેશે અને આવા કિસ્સામાં ગ્રાહક સ્ટોક બ્રોકરના સીધા ગ્રાહક બની જશે, ઉપરાંત સ્ટોક બ્રોકર, સબ-બ્રોકર અને ગ્રાહકના તમામ "હક્કો અને ફરજો" દસ્તાવેજની તમામ જોગવાઈઓ અમલમાં રહેશે, જ્યાં સુધી ગ્રાહક ઓછામાં ઓછા એક મહિનાના સમયગાળા પ્રમાણે સંબંધો સમાપ્ત કરવા અંગે સ્ટોક બ્રોકરને લેખિતમાં નોટિસ ન આપે ત્યાં સુધી આ અમલી રહેશે.

**વધારાના હક્કો અને ફરજો**

30. સ્ટોક બ્રોકરે તેના દ્વારા થયેલી લેવડ-દેવડ બાબતને ગ્રાહકને તેના ડિવિડન્ડ, રાઇટ્સ અથવા બોનસ શેર વગેરે જેવી બાબતો સંબંધિત સુરક્ષા મળી રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે, અને આ ઉપરાંત શેર બ્રોકરે જેના માટે અને જેના વતી સિક્યોરિટીઝમાં લેવડ-દેવડ કરી હોય તે ગ્રાહકના હિતોને નુકશાન પહોંચે તેવી કોઈપણ પ્રવૃત્તિ કરવાની રહેશે નહીં.

31. સેબી અને જે એક્સચેંજ ઉપર ટ્રેડ અમલમાં મુકાઇ હોય તેના દ્વારા જાહેર કરાયેલા નિયમો, નિયમનો, પેટા-નિયમો, પરિપત્રો, નોટિસ અને માર્ગદર્શિકા પ્રમાણે સ્ટોક બ્રોકર અને ગ્રાહકે સમયાંતરે તેમના ખાતાની પતાવટ કરવાની રહેશે.

32. સ્ટોક બ્રોકરે એક્સચેંજ દ્વારા નક્કી કરાયેલા ફોર્મેટ પ્રમાણે સમયાંતરે તેના ઘટકોને કોન્ટ્રાક્ટ નોટ ઈશ્યૂ કરવાની રહેશે, જેમાં ઓર્ડર નંબર, ટ્રેડ નંબર, ટ્રેડ સમય, ટ્રેડ કિંમત, ટ્રેડ જથ્થો, ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટની વિગતો, ગ્રાહક કોડ, બ્રોકરેજ, અન્ય તમામ ચાર્જીસ તથા એક્સચેંજ દ્વારા નિયત કરાયેલા ચોક્કસ સમયગાળામાં અન્ય તમામ વિગતો સહિત લેવડ-દેવડની દરેક વિગતોનો સમાવેશ થાય છે. સ્ટોક બ્રોકરે કામકાજના એક દિવસ દરમિયાન રોકાણકારને લેવડ-દેવડની કોન્ટ્રાક્ટ નોટ હાર્ડ નકલ અને/અથવા ડિજિટલ સહીનો ઉપયોગ કરીને ઈલેક્ટ્રોનિક રીતે મોકલવાનું રહેશે.

33. સ્ટોક બ્રોકરે સંબંધિત એક્સચેંજ કે જ્યાં ટ્રેડ અમલમાં મુકાઇ હોય ત્યાંથી પેઆઉટની રિસિપ્ટ સાથે કામકાજના એક દિવસ દરમિયાન ગ્રાહકને ભંડોળની ચૂકવણી અથવા સિક્યોરિટીઝની ડિલિવરી કરી શકે છે સિવાય કે જે એક્સચેંજ ઉપર ટ્રેડ અમલમાં મુકાઇ હોય તેના દ્વારા સમયાંતરે નક્કી કરાયેલા શરતો અને નિયમોને આધિન અને ગ્રાહક દ્વારા નક્કી કરવામાં આવ્યું હોય.

34. જે એક્સચેંજ ઉપર ટ્રેડ અમલમાં મુકાઇ હોય તેના દ્વારા નિયત કરાયેલા સમયગાળા દરમિયાન સ્ટોક બ્રોકરે ફંડ અને સિક્યોરિટીઝ આ બંન્નેનું સંપૂર્ણ સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ નિયત સમયગાળા અને ફોર્મેટમાં તેના ગ્રાહકને મોકલવાનું રહેશે. વધુમાં, સ્ટેટમેન્ટમાં એવું પણ દર્શાવેલું હોવું જોઈએ કે જો ગ્રાહકને તેમાં કોઈ ખામી જણાય તો તે જે એક્સચેંજ ઉપર ટ્રેડ અમલમાં મુકાઇ હોય તેના દ્વારા નિયત કરાયેલા સમયગાળામાં ખામી અંગેની જાણકારી આપી શકશે અને તેની રિસિપ્ટ સ્ટોક બ્રોકરને આપવાની રહેશે.

35. સ્ટોક બ્રોકર ગ્રાહકોને ડેઈલી માર્જિન સ્ટેટમેન્ટ મોકલી શકે છે. ડેઈલી માર્જિન સ્ટેટમેન્ટમાં બીજી બાબતોની સાથે સાથે કોલેટરલ ડિપોઝિટ, કોલેટરલનો ઉપયોગ અને કોલેટરલ સ્ટેટસ (ઉપલબ્ધ બેલેન્સ / ગ્રાહકની બાકી રકમ) સાથ રોકડની બાબતે બ્રેક અપ, ફિક્સ્ડ ડિપોઝિટ રિસિપ્ટસ (FDR), બેન્ક ગેરંટી અને સિક્યોરિટીઝનો સમાવેશ થઇ શકે છે.

36. ગ્રાહકે એ બાબત સુનિશ્ચિત કરવાની રહેશે કે તેની પાસે કાનૂની ક્ષમતા, તેનો ઉપયોગ અને સ્ટોક બ્રોકર સાથે સંબંધ કરવામાં પોતાની ફરજો અને બાંયધરીને નિભાવવા માટે સક્ષમ છે. તમામ લેવડ-દેવડ સંબંધિત બાબતો પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાની તમામ પ્રક્રિયાઓ થવી જોઈએ અને ગ્રાહકે આ પ્રકારના વ્યવહાર કરતાં પહેલાં પ્રક્રિયાઓને પૂર્ણ કરવાની રહેશે.

**ઈલેક્ટ્રોનિક કોન્ટ્રાક્ટ નોટ્સ (ECN)**

37. જો ગ્રાહક કોન્ટ્રાક્ટ નોટ ઈલેક્ટ્રોનિક રીતે મેળવવાનો વિકલ્પ પસંદ કરે તો તેણે સ્ટોક બ્રોકરને યોગ્ય ઈ-મેઈલ આઈડી આપવાનું રહેશે. ગ્રાહક પત્ર દ્વારા ઈ-મેઈલ આઈડીમાં ફેરફાર અંગે સ્ટોક બ્રોકરને માહિતી આપી શકે છે. જો ગ્રાહકે ઈન્ટરનેટ ટ્રેડિંગનો વિકલ્પ પસંદ કર્યો હોય તો તેણે ગ્રાહક આધારિત યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને સિક્યોર એક્સેસ દ્વારા ઈ-મેઈલ આઈડીમાં બદલાવ અંગેનું સૂચન આપવું જોઈએ.

38. સ્ટોક બ્રોકરે એ બાબત સુનિશ્ચિત કરવાની રહેશે કે ઈ-મેઈલ દ્વારા મોકલવામાં આવેલા તમામ ECN ડિજિટલ રીતે સહી કરેલા, એનક્રિપ્ટ, નોન-ટેમ્પરેબલ અને IT એક્ટ, 2000ની જોગવાઈઓનું પાલન કરતાં હોય. જો ECN ઈ-મેઈલ દ્વારા એક એટેચમેન્ટમાં મોકલવામાં આવ્યું હોય તો એટેચ કરેલી ફાઈલ પણ ડિજિટલ સિગ્નેચર સાથે, એનક્રિપ્ટ અને નોન-ટેમ્પરેબલ હોવી જોઈએ.

39. ગ્રાહકે એ બાબતની નોંધ રાખવાની રહેશે કે સ્ટોક બ્રોકર દ્વારા આપવામાં આવેલ બાઉન્સ મેઈલ નોટિફિકેશનથી કોન્ટ્રેકેટ નોટની ડિલિવરી ગ્રાહકના ઈ-મેઈલ ID ઉપર જોવા મળશે.

40. સ્ટોક બ્રોકર એક્સચેંજ દ્વારા નક્કી કરાયેલી પદ્ધતિ અનુસાર અને IT એક્ટ, 2000 ની જોગવાઈઓનું પાલન કરવા તથા SEBI/સ્ટોક એક્સચેંજ દ્વારા સમયાંતરે જાહેર કરવામાં આવેલા નિયમો/નિયમનો/પરિપત્રો/માર્ગદર્શિકાઓ પ્રમાણે ECN અને ઈ-મેઈલની પહોંચ સોફ્ટ અને નોન-ટેમ્પરેબલ રીતે સાચવી રાખવાની રહેશે. ડિલિવરીનો પુરાવો એટલે કે કોન્ટ્રાક્ટ નોટ મોકલતી વખતે તૈયાર થયેલા લોગ રિપોર્ટને સ્ટોક બ્રોકરે SEBI/ સ્ટોક એક્સચેંજીસના વિસ્તૃત નિયમનો મૂજબ ચોક્કસ સમયગાળા સુધી સાચવવાના રહેશે. લોગ રિપોર્ટ કોન્ટ્રાક્ટ નોટની વિગતો ધરાવતો હોવો જોઈએ કે જે ગ્રાહકને ડિલિવર થયો નથી અથવા ઈ-મેઈલ મળ્યો નથી કે બાઉન્સ બેક થયો છે. સ્ટોક બ્રોકરે SEBI/ સ્ટોક એક્સચેંજીસના વિસ્તૃત નિયમનો અનુસાર નિયત સમયગાળાની અંદર બાઉન્સ મેઈલની રિસિપ્ટ મેળવવાનું સુનિશ્ચિત કરવા માટે શક્ય હોય તેટલાં પ્રયત્નો કરવા જોઈએ.

41. જે ગ્રાહકે ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા કોન્ટ્રાક્ટ નોટ મેળવવાનો વિકલ્પ પસંદ કરતા નથી તેમને સ્ટોક બ્રોકરે સતત ભૌતિક રીતે કોન્ટ્રાક્ટ નોટ મોકલવાની રહેશે. જ્યારે ગ્રાહકને ECNની ડિલિવરી ન થઈ હોય અથવા ગ્રાહકના ઈ-મેઈલ ID દ્વારા તેને નકારી દેવામાં (ઈ-મેઈલ બાઉન્સ થવા) આવ્યું હોય ત્યારે સ્ટોક બ્રોકરે SEBI/ સ્ટોક એક્સચેંજીસની માર્ગદર્શિકા હેઠળ ચોક્કસ સમયગાળામાં ગ્રાહકને ભૌતિક કોન્ટ્રાક્ટ નોટ મોકલવાની રહેશે અને આ પ્રકારની ભૌતિક કોન્ટ્રાક્ટ નોટની ડિલિવરીનો પુરાવો સાચવવાનો રહેશે.

42. ગ્રાહકને ECNની વિગતો મોકલવાની સાથે-સાથે સ્ટોક બ્રોકરે વેબસાઈટ ઉપર પણ ECNની વિગતો પ્રસિદ્ધ કરવાની રહેશે, ગ્રાહક વેબસાઈટ ઉપર પણ સુરક્ષિત રીતે આ વિગતો જોઈ શકે તે માટે ગ્રાહકને યુનિક યુઝર નેમ અને પાસવર્ડ આપવાનો રહેશે, આ સાથે ગ્રાહક ઈલેક્ટ્રોનિક રીતે કોન્ટ્રાક્ટ નોટ સેવ કરે અને/અથવા તેની પ્રિન્ટ આઉટ લઈ શકે તેવો પણ વિકલ્પ આપવાનો રહેશે.

**કાયદો અને અધિકાર ક્ષેત્ર**

43. આ દસ્તાવેજમાં ઉલ્લેખ કરાયેલા ચોક્કસ હક્કો ઉપરાંત સ્ટોક બ્રોકર, સબ-બ્રોકર અને ગ્રાહક અન્ય હક્કો પણ અજમાવવાના હકદાર છે અને જે એક્સચેંજીસમાં ગ્રાહકે ટ્રેડ કરવાનું પસંદ કર્યું હોય તેના નિયમો, પેટા-નિયમો અને નિયમનો તેમજ SEBI દ્વારા નિયમો અને નિયમનો હેઠળ જાહેર કરાયેલા પરિપત્રો/નોટિસો ગ્રાહક અને સ્ટોક બ્રોકરને લાગુ પડે છે.

44. આ દસ્તાવેજની જોગવાઈઓ હંમેશા સરકારના જાહેરનામા, અન્ય નિયમો, નિયમનો, માર્ગદર્શિકાઓ અને SEBI દ્વારા જાહેર કરાયેલા પરિપત્રો/નોટિસ તેમજ જ્યાં ટ્રેડ અમલમાં મુકાઇ હોય તે સંબંધિત સ્ટોક એક્સચેંજના નિયમો, નિયમનો અને પેટા-નિયમોને આધિન છે અને તે જે-તે સમયે લાગુ રહેશે.

45. સ્ટોક બ્રોકર અને ગ્રાહક આર્બિટ્રેશન એન્ડ કન્સિલેશન એક્ટ, 1996 હેઠળ આર્બિટ્રેટર(સ) દ્વારા લેવાયેલા નિર્ણયને સ્વીકારવા બંધાયેલા છે. જો કોઈ પક્ષને આર્બિટ્રેશનના નિર્ણયથી સંતોષ ન થાય તો સ્ટોક એક્સચેંજીસની અંદર જ અપીલ કરવાની જોગવાઈ પણ છે.

46. આ દસ્તાવેજમાં ઉપયોગમાં લેવાયેલા શબ્દો અને પ્રતિક્રિયાઓ કે જેને અહીં વ્યાખ્યાયિત કરવામાં નથી આવ્યાં, પરંતુ તેનો મતલબ એક્સચેંજીસ/SEBI દ્વારા જાહેર કરાયેલા નિયમો, પેટા-નિયમો અને નિયમનો તેમજ પરિપત્રો/ નોટિસના પ્રમાણે જ થશે.

47. સ્ટોક બ્રોકર દ્વારા પોતાની મેળે ઉમેરવામાં આવેલા દરેક કલમ/દસ્તાવેજો એક્સચેંજીસ/SEBIના નિયમો, નિયમનો/નોટિસ/પરિપત્રોથી વિપરીત હોવા જોઈએ નહીં. આ પ્રકારના જાતે ઉમેરવામાં આવેલી કલમો/દસ્તાવેજ(જો) 15 દિવસની અગાઉની નોટિસથી બદલી શકાય છે. એક્સચેંજીસ/SEBI દ્વારા હક્કો અને ફરજોમાં કરાયેલા કોઈપણ પ્રકારના બદલાવ અંગે ગ્રાહકનું ધ્યાન દોરવાનું રહેશે.

48. જો સેબીના નિયમો અને નિયમનો અથવા જ્યાં ટ્રેડ અમલમાં મુકાઇ હોય તે એક્સચેંજીસના પેટા-નિયમો, નિયમો અને નિયમનોમાં પક્ષોના હક્કો અને ફરજોમાં કોઈપણ પ્રકારના ફેરફાર અથવા બદલાવ કરવામાં આવે તો આ દસ્તાવેજમાં દર્શાવેલા હક્કો અને ફરજોમાં પણ તે ફેરફારો અથવા બદલાવને સમાવિષ્ટ કરવામાં આવશે.

**સ્ટોક બ્રોકર દ્વારા ગ્રાહકને ઉપલબ્ધ કરાવવામાં આવતી ઈન્ટરનેટ અને વાયરલેસ ટેકનોલોજી આધારિત ટ્રેડિંગ સુવિધા (*"હક્કો અને ફરજો"* દસ્તાવેજ(જો)માં ઉલ્લેખ કરાયેલી તમામ કલમો લાગુ પડશે. વધુમાં, નીચે દર્શાવવામાં આવેલી કલમો પણ લાગુ પડશે.)**

1. સ્ટોક બ્રોકર વાયરલેસ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ઈન્ટરનેટ બેઝ્ડ ટ્રેડિંગ (IBT) સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે લાયક છે, જેમાં મોબાઈલ ફોન, લેપટોપ સહિત ડેટા કાર્ડ કે જેમાં ઈન્ટરનેટ પ્રોટોકોલ (IP)નો ઉપયોગ થાય છે તેનો સમાવેશ થાય છે. સ્ટોક બ્રોકરે વાયરલેસ ટેકનોલોજીના ઉપયોગથી ઈન્ટરનેટ બેઝ્ડ ટ્રેડિંગ/સિક્યોરિટી ટ્રેડિંગ સંબંધિત SEBI અને એક્સચેંજીસ દ્વારા સમયાંતરે નક્કી કરેલી તમામ બાબતોને પરિપૂર્ણ કરશે.
2. ગ્રાહક સિક્યોરિટીઝમાં રોકાણ/ટ્રેડિંગ કરવાની ઈચ્છા ધરાવે છે અને આ હેતુ માટે કે ઈન્ટરનેટ આધારિત ટ્રેડિંગ સુવિધા અથવા વાયરલેસ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા સિક્યોરિટીઝમાં ટ્રેડિંગ કરવાની ઈચ્છા રાખે છે. સ્ટોક બ્રોકરે ગ્રાહકને સ્ટોક બ્રોકર્સ IBT સર્વિસ ઉપલબ્ધ કરાવવી જોઈએ અને એક્સચેંજીસ/ SEBI દ્વારા નક્કી કરાયેલા નિયમો પ્રમાણે સ્ટોક બ્રોકર્સ IBT વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલી શરતો અને નિયમો તેમજ SEBI/એક્સચેંજીસની જોગવાઈઓ અનુસાર ગ્રાહકે સ્ટોક બ્રોકર્સ IBTનો ઉપયોગ કરવો જોઈએ.
3. સ્ટોક બ્રોકરે વાયરલેસ ટેકનોલોજી/ઈન્ટરનેટ/સ્માર્ટ ઓર્ડર અથવા અન્ય કોઈ ટેકનોલોજી મારફતે સિક્યોરિટીઝમાં ટ્રેડિંગ સાથે સંકળાયેલા વિશેષતતાઓ, પરિબળો, જોખમો, જવાબદારીઓ, ફરજો અને લાયાબિલિટી સંબંધિત તમામ જાણકારીઓ ગ્રાહકના ધ્યાને લાવવી જોઈએ, આ ઉપરાંત ગ્રાહક દ્વારા ઉપયોગમાં લેવાતી અન્ય ટેકનોલોજી અંગે સ્ટોક બ્રોકર દ્વારા ધ્યાન દોરવું જોઈએ.
4. સ્ટોક બ્રોકરે ગ્રાહકને એ બાબતની જાણકારી આપવી જોઈએ કે સ્ટોક બ્રોકર્સ IBT સિસ્ટમ પોતાની મેળે પ્રારંભિક પાસવર્ડ તૈયાર કરે છે અને તેની પાસવર્ડની નીતિ એક્સચેંજીસ/SEBIના નિયમો પ્રમાણે ઘડવામાં આવી હોય છે.
5. યુઝરનેમ અને પાસવર્ડની ગુપ્તતા જાળવવા માટે ગ્રાહક જવાબદાર હોય છે અને સ્ટોક બ્રોકર્સ IBT સિસ્ટમનો ઉપયોગ કરીને ગ્રાહકના યુઝરનેમ અને/અથવા પાસવર્ડનો ઉપયોગ કરીને અન્ય કોઈ વ્યક્તિ અથવા અનધિકૃત વ્યક્તિ દ્વારા કરાયેલા તમામ ઓર્ડર અને લેવડ-દેવડ માટે ગ્રાહક સંપૂર્ણપણે જવાબદાર રહે છે. વધુમાં, ગ્રાહકને ટેકનોલોજીની અધિકૃતતા અને તેમજ વાયરલેસ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ઈન્ટરનેટ ટ્રેડિંગ/સિક્યોરિટીઝ ટ્રેડિંગ સંબંધિત કડક સિક્યોરિટીના પગલા અંગેની જાણકારી હોય છે તેમજ તેણે એ બાબતની જાણકારી પણ રાખવાની હોય છે કે ગ્રાહક પોતે અને/અથવા તેના અધિકૃત પ્રતિનિધિ અન્ય કોઈ વ્યક્તિ તેમજ કર્મચારીઓ અને સ્ટોક બ્રોકરના ડિલર્સ સમક્ષ પાસવર્ડની જાણકારી આપે નહીં, તે બાબત સુનિશ્ચિત કરવાની રહે છે.
6. જો ગ્રાહક પોતાનો પાસવર્ડ ભૂલી જાય, સ્ટોક બ્રોકર્સ IBT સિસ્ટમમાં સિક્યોરિટીમાં ખામી જણાય, શંકાસ્પદ ફેરફારો નોંધે, પોતાના યુઝરનેમ/પાસવર્ડ/એકાઉન્ટમાં બિનસત્તાવાર એક્સેસ થયું હોવાનું નોંધે તો તેણે આ બિનસત્તાવાર ઉપયોગની તમામ વિગતો, તારીખ, પ્રકાર અને લેવડ-દેવડ સંબંધિત તાત્કાલિક સ્ટોક બ્રોકરને લેખિતમાં જાણકારી આપવાની રહેશે.
7. ગ્રાહક વાયરલેસ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ઈન્ટરનેટ/સિક્યોરિટીઝ ટ્રેડિંગ દ્વારા ઓર્ડર આપવા સાથે સંકળાયેલા તમામ જોખમોથી સંપૂર્ણપણે માહિતગાર છે અને તેને સમજે છે. ગ્રાહકના યુઝરનેમ/પાસવર્ડના ઉપયોગથી કરવામાં આવતી કોઈપણ લેવડ-દેવડ માટે ગ્રાહક સંપૂર્ણપણે જવાબદાર છે.
8. ગ્રાહકની અરજીને આધારે સ્ટોક બ્રોકરે ઓર્ડર/ટ્રેડ સંબંધિત પુષ્ટિ ઈમેઈલ દ્વારા તેને મોકલવાની રહેશે. ગ્રાહકને એ બાબતની જાણકારી છે કે ઓર્ડર/ટ્રેડ પુષ્ટિ પણ વેબ પોર્ટલ ઉપર આપવામાં આવે છે. જો ગ્રાહક વાયરલેસ ટેકનોલોજીનો ઉપયોગ કરતો હોય તો સ્ટોક બ્રોકર ગ્રાહકના ડિવાઈસ ઉપર જ ઓર્ડર/ટ્રેડ પુષ્ટિ સંબંધિત માહિતી મોકલી શકે છે.
9. ગ્રાહકને એ બાબતની જાણકારી છે કે ઈન્ટરનેટ ઉપર ટ્રેડિંગ સાથે ઘણાં અનિશ્ચિત પરિબળો અને જટિલ હાર્ડવેર, સોફ્ટવેર, સિસ્ટમ, કમ્યુનિકેશન લાઈન, પેરિફેરલ વગેરે સંકળાયેલા હોય છે, જેના કારણે અવરોધો સર્જાવાની શક્યતાઓ રહેલી હોય છે. સ્ટોક બ્રોકર અને એક્સચેંજ આમાં કોઈપણ પ્રકારનું પ્રતિનિધિત્વ કરતાં હોતા નથી અથવા ખાતરી આપતા નથી કે ગ્રાહકને કોઈપણ પ્રકારના અડચણ વિના સ્ટોક બ્રોકર્સ IBT સર્વિસ દરેક સમયે ઉપલબ્ધ કરાવવામાં આવશે.
10. કોઈપણ પ્રકારે ગ્રાહક/સ્ટોક બ્રોકર/એક્સચેંજ ખાતે લિન્ક/સિસ્ટમ ખોરવાઈ જવાને કારણે સ્ટોક બ્રોકર્સ IBT સિસ્ટમ રદ્દ થઈ જવા, અવરોધ સર્જાવા, ઉપલબ્ધ ન હોવી અથવા તે ખોરવાઈ જવા અથવા સર્વિસ અથવા એક્સચેંજીસની સેવાઓ અથવા સિસ્ટમ અથવા પોતાના ઓર્ડર ઉપર અમલીકરણ ન થવાના કિસ્સામાં ગ્રાહકના ઓર્ડર પર અમલીકરણ ન થવાના કિસ્સામાં ગ્રાહક એક્સચેંજ અથવા સ્ટોક બ્રોકર ઉપર દાવો કરી શકશે નહીં, આમાં સ્ટોક બ્રોકર/એક્સચેંજીસના અંકુશમાં ન હોય તેવા કારણોનો સમાવેશ થાય છે.

# પરિશિષ્ટ - 5

## મૂડીબજાર અને ડેરિવેટિવ્ઝ સેગમેન્ટ માટે રિસ્ક ડિસ્ક્લોઝર ડોક્યુમેન્ટ

આ દસ્તાવેજમાં સ્ટોક એક્સચેંજીસના ઈક્વિટી/ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ટ્રેડિંગ કરવાને લગતી મહત્વની માહિતી છે. તમામ સંભવિત હિસ્સેદારોએ એક્સચેંજના ઈક્વિટી/ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોદા કરતા પહેલા આ દસ્તાવેજ વાંચવું જોઇએ.

સ્ટોક એક્સચેંજીસ/SEBI સ્વતંત્ર રીતે કે સંયુક્ત રીતે કોઈ બાંયધરી આપતા નથી કે આ ખુલાસા દસ્તાવેજ પૂર્ણ છે અથવા તે પૂર્ણ હોવા અંગે કે ચોક્સાઈ અંગે કોઈ રજુઆત કરવામાં આવતી નથી, તેમજ સ્ટોક એક્સચેંજીસ/SEBI ટ્રેડિંગ સેગમેન્ટમાં કોઈપણ હિસ્સેદારનું સમર્થન કે પ્રચાર કરતા નથી. આ ટૂંકા ખુલાસાના નિવેદનમાં ટ્રેડિંગના તમામ જોખમો અને અન્ય મહત્ત્વના પાસાને આવરી લેવાયા નથી.

સંલગ્ન જોખમોના સંદર્ભમાં, તમે જેમાં પ્રવેશવાના છો તે સંબંધની પ્રકૃતિને બરાબર સમજો અને તમારા માટે કેટલું જોખમ છે તે સમજો પછી જ તમારે સોદા કરવા જોઈએ.

તમારે એ હકીકત જાણવી અને સમજવી જોઈએ કે ઈક્વિટી શેર, ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ્સ અથવા સ્ટોક એક્સચેંજ પર ટ્રેડ થતા અને વિવિધ પ્રકારનું જોખમ ધરાવતા અન્ય સાધનોમાં સોદા કરવા મર્યાદિત સ્ત્રોત/મર્યાદિત રોકાણ અને/અથવા ટ્રેડિંગનો અનુભવ કે ઓછી જોખમ ક્ષમતા ધરાવતી વ્યક્તિ માટે યોગ્ય નથી. તેથી તમારે કાળજીપૂર્વક વિચારવું જોઈએ કે તમારી નાણાકીય સ્થિતિને ધ્યાનમાં રાખતા આ પ્રકારન સોદા તમારા માટે યોગ્ય ગણાય કે નહીં. જો સ્ટોક એક્સચેંજમાં તમે સોદા કરો અને તમને વિપરીત પરિણામો અથવા નુકસાન જાય તો, તેના માટે માત્ર તમે જવાબદાર હશો અને સ્ટોક એક્સચેંજ/તેના ક્લિયરિંગ કોર્પોરેશન અને/અથવા SEBI તેના માટે કોઈપણ રીતે જવાબદાર રહશે નહીં, અને એવી અરજી નહીં કરી શકાય કે સંકળાયેલા જોખમ અંગે પૂરતા પ્રમાણમાં ખુલાસો કરવામાં આવ્યો ન હતો અથવા સંબંધિત સ્ટોક બ્રોકર દ્વારા તમને જોખમની સંપૂર્ણ માહિતી આપવામાં આવી ન હતી. ભાગ લેનારાઓ તમામ પરિણામ માટે પોતે જવાબદાર હશે અને તેના અંગે કોઈ કરાર થઈ શકશે નહીં. તમારે એ માનીને સ્વીકૃતિ આપવી જોઇએ અને સ્વીકારવું જોઈએ કે સ્ટોક એક્સચેંજમાં ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટની ખરીદી અને/અથવા વેચાણ પર નફો થવાની કે ખોટ નહીં થવાની કોઈ ગેરંટી આપી શકાય નહીં.

તમારે એ સ્પષ્ટ રીતે સમજવું જોઈએ કે સ્ટોક બ્રોકર મારફત સ્ટોક એક્સચેંજમાં તમારા સોદા સ્ટોક બ્રોકર દ્વારા નક્કી કરવામાં આવેલી કેટલીક વિધિને પૂર્ણ કરવાને આધિન રહેશે, તેમાં તમારા ગ્રાહકને જાણો ફોર્મ ભરવું, અધિકારો અને ફરજોનું વાંચન, શું કરવું અને શું ન કરવું તેનું વાંચન વગેરે સામેલ છે, તથા તે સંબંધિત સ્ટોક એક્સચેંજીસના નિયમો, પેટાનિયમો અને નિયમનો, તેના ક્લિયરિંગ કોર્પોરેશનો, SEBI દ્વારા નિર્ધારિત માર્ગદર્શિકા અને સમયાંતરે અમલમાં મુકેલ પરિપત્રોને આધિન છે જે સ્ટોક એક્સચેંજીસ અથવા તેના ક્લિયરિંગ કોર્પોરેશનો દ્વારા સમયાંતરે જાહેર કરાઇ શકાશે.

સ્ટોક એક્સચેંજીસ કોઈ સલાહ આપતા નથી કે તે માટેની ભલામણ કરતા નથી અને સ્ટોક એક્સચેંજીસના કોઇપણ સ્ટોક બ્રોકર સાથે કે આ દસ્તાવેજમાં સમાવિષ્ટ કોઇપણ માહિતીના આધારે કોઈપણ ત્રીજા પક્ષકાર સાથે વ્યવસાયના સંબંધમાં દાખલ થયેલ કોઈપણ વ્યક્તિને જવાબદાર રહેશે નહીં. આ દસ્તાવેજમાં આપવામાં આવેલી કોઈપણ માહિતીને વ્યાપારની સલાહ ગણવી જોઈએ નહીં. આ પ્રકારના સોદા સાથે સંકળાયેલ જોખમોને સમજ્યા વગર કે તેની સમીક્ષા વગર સોદાનો કોઈ વિચાર કરવો જોઈએ નહીં. તમને કોઈ બાબતની શંકા હોય તો, તેના માટે વ્યવસાયિક સલાહ મેળવો.

સોદા કરવા કે નહીં અથવા બીજાને સોદા કરવાની સત્તા આપવી કે નહીં તે નક્કી કરતા પહેલાં તમારે નીચેની બાબતોથી વાકેફ થવું જરૂરી છે:

**1. પાયાના જોખમો:**

**1.1 વધારે વોલેટિલિટી (અસ્થિરતા)નું જોખમ:**
સ્ટોક એક્સચેંજીસમાં ટ્રેડિંગ પ્રવૃત્તિ ચાલુ હોય ત્યારે સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટમાં ગતિશીલ ઉતાર-ચઢાવ આવે તેને વોલેટિલિટી કહે છે. સામાન્ય રીતે, સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટમાં વોલેટિલિટી જેમ વધારે તેમ તેના ભાવમાં વધારે ઉતાર-ચઢાવ આવે છે. ઓછી ટ્રેડ થતી સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટમાં સક્રિય સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટની સરખામણીમાં વધારે વોલેટિલિટી હોઇ શકે છે. વોલેટિલિટીના પરિણામે, તમારા ઓર્ડર આંશિક રીતે અમલ થાય અથવા બિલકુલ અમલ ન થાય તેવી શક્યતા રહે છે અથવા તમારો ઓર્ડર જે ભાવે અમલમાં મૂકાય તે ભાવ છેલ્લા ટ્રેડ થયેલા ભાવ કરતા ઘણો અલગ હોય અથવા ત્યારબાદ બદલાય તેવી શક્યતા રહે છે તેથી કાલ્પનિક અથવા વાસ્તવિક નુકસાન થઈ શકે.

**1.2 નીચી તરલતાનું જોખમ:**
બજારના હિસ્સેદારો સ્પર્ધાત્મક ભાવે અને ઓછામાં ઓછા ભાવના તફાવતે ઝડપથી સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટનું વેચાણ અને/અથવા ખરીદી કરી શકે તેને તરલતા કહે છે. સામાન્ય રીતે, એવું માનવામાં આવે છે કે બજારમાં જેટલા પ્રમાણમાં ઓર્ડર વધારે હશે એટલી તરલતા વધુ રહેશે. તરલતા મહત્ત્વપૂર્ણ છે કારણ કે તરલતા વધારે હોય તો રોકાણકારો ઝડપથી અને ભાવના લઘુત્તમ તફાવત સાથે સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝની ખરીદી અને/અથવા વેચાણ કરી શકે છે, અને પરિણામે રોકાણકારોને ખરીદવામાં આવેલા કે વેચાયેલા સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ માટે વધુ સ્પર્ધાત્મક ભાવ મળવાની શક્યતા રહે છે. સક્રિય સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટની સરખામણીમાં કેટલીક સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટમાં તરલતાનું પ્રમાણ નીચું રહેવાનું જોખમ હોઇ શકે છે. પરિણામે, તમારા ઓર્ડર આંશિક રીતે અમલમાં મૂકાઇ શકે અથવા ભાવના મોટા તફાવત સાથે અમલમાં થઇ શકે કે બિલકુલ અમલ ન થાય તેવી શક્યતા રહે છે.

**1.2.1** ડે ટ્રેડિંગની વ્યૂહરચનાના ભાગરૂપે સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ વેચવા કે ખરીદવામાં પણ નુકસાન જવાની શક્યતા રહી શકે છે કારણ કે આવી સ્થિતિમાં સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ અપેક્ષિત ભાવના સ્તર કરતા નીચા/ઊંચા ભાવે વેચાયા/ખરીદાયા હોઈ શકે છે, જેથી કોઈ ઓપન પોઝિશન ન હોય અથવા સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ ડિલિવર કરવાની કે સ્વીકારવાની ફરજ ન હોય.

**1.3 વિસ્તૃત સ્પ્રેડનું જોખમ:**
સ્પ્રેડ એ શ્રેષ્ઠ ખરીદ ભાવ અને શ્રેષ્ઠ વેચાણ ભાવ વચ્ચેનો તફાવત છે. તે સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ ખરીદવાના ભાવ અને તરત વેચવાના તથા તેનાથી ઉંધી સ્થિતિમાં તફાવત દર્શાવે છે. ઓછા તરલ કે બિન તરલ સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ માટે ઓછી તરલતા અને વધારે તરલતા હોય ત્યારે સામાન્ય કરતા વધારે સ્પ્રેડ થઈ શકે છે. તેનાથી અંતે વધુ સારા ભાવની રચનાને અસર થશે.

**1.4 જોખમ ઘટાડતા ઓર્ડર:**
નુકસાનને અમુક રકમની મર્યાદા સુધી ઘટાડવા માટેના ઓર્ડર મૂકવા (જેમ કે "સ્ટોપ લોસ" ઓર્ડર, અથવા "લિમિટ" ઓર્ડર) ઘણી વાર અસરકારક પુરવાર નહીં થાય કારણ કે બજારની સ્થિતિમાં ઝડપી હિલચાલથી આવા ઓર્ડરનો અમલ કરવો અશક્ય બની જશે.

**1.4.1** વિરુદ્ધ બાજુએ કેટલા ઓર્ડર ઉપલબ્ધ છે, તેના આધારે ભાવ ગમે તે હોય, "માર્કેટ" ઓર્ડરનો તાત્કાલિક અમલ થશે, અને ગ્રાહકને "માર્કેટ" ઓર્ડરનું તત્કાળ અમલીકરણ મળી શકે છે પરંતુ અમલીકરણ બાકી રહેલ ઓર્ડરના ઉપલબ્ધ ભાવે થઈ શકે છે જે ઓર્ડરન જથ્થાને, ભાવના સમયની પ્રાથમિકતાના આધારે અલમમાં મુકાય છે. અહીં એ સમજવું આવશ્યક છે કે છેલ્લે ટ્રેડ થયેલા ભાવ કરતા અથવા તે સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટના શ્રેષ્ઠ ભાવ કરતા આ ભાવ ઘણો અલગ હોઈ શકે છે.

**1.4.2** "લિમિટ" ઓર્ડર ત્યારે જ અમલી બનશે જ્યારે તે ઓર્ડર માટે નક્કી કરાયેલી "લિમિટ" ના ભાવ અથવા વધુ સારા ભાવે પહોંચે. ગ્રાહકને ભાવમાં રક્ષણ મળે છે ત્યારે સાથે સાથે તે ઓર્ડર અમલ જ ન થાય તેવી પણ શક્યતા રહે છે.

**1.4.3** સ્ટોપ લોસ ઓર્ડર સામાન્ય રીતે સ્ટોક/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટના વર્તમાન ભાવથી "દૂર" ના ભાવે મૂકાય છે અને આવા સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ સ્ટોપ પ્રાઈસ પર પહોંચે અથવા તે ભાવ પર ટ્રેડ થાય ત્યારે ઓર્ડર સક્રિય થાય છે. સામાન્યપણે સેલ સ્ટોપ ઓર્ડર ચાલુ ભાવથી નીચા ભાવે મૂકવામાં આવે છે, જ્યારે બાય સ્ટોપ ઓર્ડર ચાલુ ભાવથી ઊંચા ભાવે મૂકાય છે. જ્યારે સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ પૂર્વનિર્ધારિત ભાવે પહોંચે અથવા તે ભાવે ટ્રેડ થાય ત્યારે સ્ટોપ લોસ ઓર્ડર માર્કેટ/લિમિટ ઓર્ડરમાં રૂપાંતરિત થાય છે અને તે લિમિટ પર અથવા વધુ સારા ભાવે અમલી બને છે. લિમિટ ઓર્ડર અમલમાં આવશે જ તેની કોઈ ખાતરી નથી કારણ કે સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ પૂર્વનિર્ધારિત ભાવને છેદી શકે છે, અને આવા કિસ્સામાં આવા ઓર્ડર અમલમાં ન મૂકાય તેવી શક્યતા ઉભી થાય છે જે સામાન્ય લિમિટ ઓર્ડરમાં પણ હોય છે.

**1.5 સમાચારની જાહેરાત થવાનું જોખમ:**
સ્ટોક/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટના ભાવને અસર કરી શકે તેવા સમાચારની જાહેરાત ટ્રેડિંગ દરમિયાન થઈ શકે છે, અને નીચી તરલતા અને ઊંચી વોલેટિલિટી હોય ત્યારે સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટના ભાવમાં અણધારી હકારાત્મક અથવા નકારાત્મક હિલચાલ થઈ શકે છે.

**1.6 અફવાઓનું જોખમ:**
કંપનીઓ/ચલણો વિશે બજારમાં ઘણી વાર મોઢેથી, અખબારો, વેબસાઈટ અથવા ન્યૂઝ એજન્સીઓ વગેરે દ્વારા અફવાઓ ફેલાય છે. રોકાણકારોએ સાવધ રહેવું જોઈએ અને અફવાઓના આધારે પગલાં ન લેવા જોઈએ.

**1.7 સિસ્ટમનું જોખમ:**
બજાર ખૂલે ત્યારે અને બંધ થાય તે પહેલાં ઘણી વાર ઊંચા વોલ્યુમમાં ટ્રેડિંગ થાય છે. આવું ઉંચું વોલ્યુમ દિવસમાં કોઈપણ સમયે રચાઈ શકે છે. તેનાથી ઓર્ડરના અમલીકરણ અથવા પુષ્ટિમાં વિલંબ થઈ શકે છે.

**1.7.1** વોલેટિલિટીના સમયગાળામાં, બજારના હિસ્સેદારો તેમના ઓર્ડરનો જથ્થો અથવા ભાવો સતત સુધારતા રહે અથવા નવો ઓર્ડર મૂકતા રહે તો ઓર્ડરના અમલીકરણ અને તેની પુષ્ટિમાં વિલંબ થઈ શકે છે.

**1.7.2** બજારની ચોક્કસ સ્થિતિમાં, પોઝિશનને બજારમાં વાજબી ભાવે અથવા કોઈપણ ભાવે વટાવવી મૂશ્કેલ અથવા અશક્ય બની શકે છે, જ્યારે ખરીદી કે વેચાણની બાજુએ કોઈ બાકી ઓર્ડર નીકળતા ન હોય અથવા કોઈ અસામાન્ય ટ્રેડિંગ પ્રવૃત્તિ અથવા સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ સર્કિટ લિમિટ ફિલ્ટરને સ્પર્શી જાય અથવા બીજું કોઈ કારણ હોય તેના કારણે સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટમાં ટ્રેડિંગ અટકાવવામાં આવે.

**1.8. સિસ્ટમ/નેટવર્ક ગીચ થઈ જવી:**

એક્સચેંજમાં ટ્રેડિંગ ઈલેક્ટ્રોનિક રીતે, સેટેલાઈટ/લીઝ્ડ લાઈન આધારિત કોમ્યુનિકેશનથી થાય છે જેમાં ટેકનોલોજી તથા કમ્પ્યુટર સિસ્ટમ એમ બંનેનો સંયુક્તમાં ઉપયોગ કરીને ઓર્ડર પ્લેસ અને રૂટ કરવામાં આવે છે. તેથી, કોમ્યુનિકેશન નિષ્ફળ જવાની અથવા સિસ્ટમની સમસ્યા પેદા થવાની કે સિસ્ટમ તરફથી ધીમો કે વિલંબિત પ્રતિભાવ મળવાની કે ટ્રેડિંગ અટકી જવાની શક્યતા રહે છે અથવા કોઈ એવી સમસ્યા/ખામી પેદા થઈ શકે જેમાં ટ્રેડિંગ સિસ્ટમ/નેટવર્કને એક્સેસ કરી ન શકાય જે નિયંત્રણથી બહાર હોય અને જેનાથી પ્રોસેસિંગમાં વિલંબ થઈ શકે અથવા આંશિક રીતે કે પૂર્ણ રીતે ખરીદી કે વેચાણના ઓર્ડરનું પ્રોસેસિંગ ન થઈ શકે. તમને એ નોંધવા માટે સાવધ કરવામાં આવે છે કે આવી સમસ્યા કામચલાઉ પ્રકારની હોઈ શકે છે, પરંતુ તમારી પાસે બાકી રહેલી ઓપન પોઝિશન અથવા અમલ ન થયેલા ઓર્ડર હોય ત્યારે તમામ એક્ઝિક્યુટ થયેલા સોદાને સેટલ કરવાની તમારી જવાબદારીના કારણે તમારા માટે જોખમી બની શકે છે.

**2. ડેરિવેટિવ્ઝ સેગમેન્ટને લાગે વળગે છે ત્યાં સુધી, નીચેની વધારાની વિશેષતાઓની નોંધ કરો અને તમારી જાતને તેનાથી વાકેફ કરો:**

**2.1 "લિવરેજ" અથવા "ગિયરિંગ" ની અસર:**

ડેરિવેટિવ્ઝ માર્કેટમાં, ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટના મૂલ્યની સરખામણીમાં માર્જિનની રકમ બહુ નાની હોય છે, તેથી સોદા "લિવરેજ" અથવા "ગિયર્ડ" થાય છે. પ્રમાણમાં નાના માર્જિનથી કરવામાં આવતા ડેરિવેટિવ્ઝ સોદા, માર્જિનની રકમના સાપેક્ષમાં ભારે ખોટ અથવા નફો કરવાની શક્યતા ધરાવે છે. પરંતુ ડેરિવેટિવ્ઝમાં સોદા કરવામાં ભારે જોખમ રહેલું છે.

તેથી ડેરિવેટિવ્ઝમાં સોદા કરતા પહેલાં તમારે નીચેના નિવેદનને બરાબર સમજી લેવું જોઇએ અને પોતાના સંજોગો, નાણાકીય સ્ત્રોત વગેરેને ધ્યાનમાં રાખીને સાવધાનીથી ટ્રેડિંગ કરવાની સલાહ આપવામાં આવે છે. જો ભાવની હિલચાલ તમારાથી વિપરીત હોય તો, તમે ટૂંકાગાળામાં તમે માર્જિનની રકમ આંશિક અથવા સંપૂર્ણપણે ગુમાવી શકો છો. આ ઉપરાંત, માર્જિનની અસલ રકમ કરતા ખોટ વધી પણ શકે છે.

અ. ફ્યુચર્સ ટ્રેડિંગમાં તમામ પોઝિશનનું દૈનિક સેટલમેન્ટ થાય છે. દરરોજ ઈન્ડેક્સ/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટના બંધ ભાવના આધારે ઓપન પોઝિશનને માર્કડ ટુ માર્કેટ કરવામાં આવે છે. જો કોન્ટ્રાક્ટ તમારાથી વિરુધ્ધ હોય તો, આવી હિલચાલથી તમને ગયેલા નુકસાન (કાલ્પનિક)ની રકમ તમારે જમા કરવી પડશે. આ રકમ નિર્ધારિત સમય-મર્યાદામાં ચૂકવવાની રહેશે, સામાન્ય રીતે બીજા દિવસે ટ્રેડિંગ શરૂ થવા અગાઉ ચૂકવવી પડશે.

બ. જો તમે અંતિમ મર્યાદા સુધીમાં વધારાની રકમ જમા કરવામાં નિષ્ફળ જાવ કે તમારા એકાઉન્ટમાં દેવું બાકી નીકળતું હશે તો સ્ટોક બ્રોકર તમારી સમગ્ર કે આંશિક પોઝિશન અથવા સિક્યોરિટીને વેચી શકે છે. આવા કિસ્સામાં, આવા વેચાણના કારણે તમને થયેલા નુકસાન બદલ તમે જવાબદાર રહેશો.

ક. બજારની ચોક્કસ સ્થિતિમાં, રોકાણકારને સોદો કરવાનું મૂશ્કેલ અથવા અશક્ય જણાઈ શકે છે. ઉદાહરણ તરીકે, બિનતરલતા જેવા પરિબળોના કારણે આવી સ્થિતિ સર્જાઇ શકે છે જ્યારે અપૂરતા પ્રમાણમાં બિડ કે ઓફર હોય અથવા પ્રાઈસ લિમિટ કે સર્કિટ બ્રેકરના કારણે ટ્રેડિંગ રદ્દ કરવામાં આવ્યું હોય.

ડ. બજારમાં સ્થિરતા જાળવવા માટે, નીચેના પગલાં સ્વીકારી શકાશે: માર્જિન રેટમાં ફેરફાર, કેશ માર્જિન રેટ અથવા અન્યમાં વધારો. આ નવા પગલાં વર્તમાન ઓપન ઈન્ટરેસ્ટને પણ લાગુ થઈ શકે છે. આવી સ્થિતિમાં, તમારે વધારાનું માર્જિન મૂકવું પડશે અથવા તમારી પોઝિશન ઘટાડવી પડશે.

ઈ. તમે તમારા બ્રોકરને તમે જેમાં ટ્રેડ કરવા માંગતા હો તે ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટની તમામ વિગત પૂરી પાડવા જણાવી શકો છો, જેમ કે કોન્ટ્રાક્ટની વિશેષ માહિતી અને સંલગ્ન જવાબદારીઓ.

**2.2 ચલણને લગતા જોખમો:**

1. વિદેશી ચલણના કોન્ટ્રાક્ટ જ્યારે તમારા અથવા અન્યના અધિકાર ક્ષેત્રમાં ટ્રેડ થતા હોય ત્યારે તેના સોદામાં નફો અથવા નુકસાન ચલણના દરમાં ફેરફારથી અસર પામશે જ્યાં કોન્ટ્રાક્ટના કરન્સી ડિનોમિનેશનને અન્ય ચલણમાં રૂપાંતર કરવાની જરૂર પેદા થાય.

2. બજારની ચોક્કસ સ્થિતિમાં, કોઈ પોઝિશનને તરલ કરવી મૂશ્કેલ અથવા અશક્ય બની જઇ શકે છે. જ્યારે કોઈ ચલણને નિયંત્રણમુક્ત કરવામાં આવે અથવા ફિક્સડ ટ્રેડિંગ બેન્ડ વિસ્તારાય ત્યારે આમ થઈ શકે છે.

3. ચલણના ભાવો વધુ પ્રમાણમાં વોલેટાઈલ હોય છે. અન્ય ચીજો ઉપરાંત : ચલણના ભાવમાં હિલચાલ માટે માંગ પુરવઠાની બદલતી સ્થિતિ; ટ્રેડ, રાજકોષીય, નાણાકીય, એક્સચેંજ નિયંત્રણ કાર્યક્રમો અને સરકારની નીતિઓ; વિદેશી રાજકીય અને આર્થિક ઘટનાઓ અને નીતિઓ; રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વ્યાજદર અને ફુગાવામાં ફેરફારો; ચલણનું અવમૂલ્યન; અને બજારના સેન્ટિમેન્ટ ભાગ ભજવે છે. કોઈ વ્યક્તિગત સલાહકાર દ્વારા આ પરિબળો પર નિયંત્રણ લાવી શકાતું નથી કે સલાહકારની સલાહના આધારે હિસ્સેદાર રોકાણકારને લાભ મળશે અથવા ગ્રાહકને આવી સ્થિતિમાં ખોટ નહીં જાય તેવી કોઈ ખાતરી આપી શકાતી નથી.

**2.3 ઓપ્શન ધારકોના જોખમો:**

1. ઓપ્શન ધારક ઓપ્શન માટે ચૂકવાયેલ સમગ્ર રકમ પ્રમાણમાં ટૂંકા સમયગાળામાં ગુમાવવાનું જોખમ ધરાવે છે. આ જોખમ ઓપ્શનની પ્રકૃત્તિ દર્શાવે છે જ્યારે તે એક્સપાયર થાય ત્યારે મૂલ્યહીન બની જાય છે. કોઈ ઓપ્શન હોલ્ડર તેના ઓપ્શનને સેકન્ડરી માર્કેટમાં વેચે નહીં અથવા તેની એક્સપાયરી અગાઉ પણ વટાવે નહીં તો તે ઓપ્શનમાં કરવામાં આવેલું સંપૂર્ણ રોકાણ આવશ્યક રીત ગુમાવશે. ઓપ્શન એક્સપાયર થાય તે પહેલાં અંડરલાઈંગના ભાવ અપેક્ષિત દિશામાં ન ચાલે અને ઓપ્શન ખર્ચને કવર ન કરે તો રોકાણકાર ઓપ્શનમાં કરવામાં આવેલા રોકાણનો સમગ્ર અથવા આંશિક હિસ્સો ગુમાવશે.

2. ચોક્કસ સંજોગોમાં ચોક્કસ સમયે શેરબજાર એક્સર્સાઈઝ પર નિયંત્રણ મૂકી શકે છે અને ઓપ્શનના એક્સર્સાઈઝને નિયંત્રણ કરવાની તેની પાસે પૂરી સત્તા છે.

**2.4 ઓપ્શન રાઈટર્સના જોખમો:**

1. અંડરલાઈંગના ભાવની હિલચાલ અપેક્ષિત દિશામાં ન હોય તો ઓપ્શન રાઈટર નોંધપાત્ર રકમ ગુમાવે તેવું જોખમ રહે છે.

2. સમાન અંડરલાઈંગ ઈન્ટરેસ્ટના અન્ય ઓપ્શન ખરીદીને ઓપ્શન રાઈટર પોતાના પરનું જોખમ ઘટાડી શકે છે, જેમાં સ્પ્રેડ પોઝિશન લેવામાં આવે છે અથવા ઓપ્શન માર્કેટ કે અન્ય માર્કેટમાં અન્ય પ્રકારની હેજિંગ પોઝિશન મેળવવામાં આવે છે. જોકે, રાઈટર જ્યાં સ્પ્રેડ કે અન્ય હેજિંગ પોઝિશન લીધી હોય ત્યાં પણ જોખમ ઊંચા પ્રમાણમાં હોઇ શકે છે. સ્પ્રેડ પોઝિશન સરળ 'લોંગ' અથવા 'શોર્ટ' પોઝિશન કરતા ઓછી જોખમી નથી.

3. એવા સોદા જેમાં સંયુક્ત રીતે બાઈંગ અથવા મલ્ટિપલ ઓપ્શન રાઈટિંગ હોય અથવા અંડરલાઈંગ ઈન્ટરેસ્ટને શોર્ટ કરીની ખરીદી કે વેચાણ કરવામાં આવતા હોય તેવા સોદા સાથે સંયુક્ત રીતે બાઈંગ કે રાઈટિંગ ઓપ્શન હોય ત્યારે જોખમ વધી જાય છે. સંયુક્ત ટ્રાન્ઝેક્શન, જેમ કે ઓપ્શન સ્પ્રેડ એ સિંગલ ઓપ્શન ખરીદી કે રાઈટિંગ કરતા વધારે જટિલ હોય છે. અને એ બાબતની નોંધ લેવી જોઈએ કે રોકાણના કોઈ પણ ક્ષેત્રમાં જો કોઈ જટિલતાને બરાબર સમજવામાં ન આવે તો તે સ્વયં એક જોખમનું પરિબળ બની જાય છે. કહેવાનો અર્થ એવો નથી કે સંયુક્ત સ્ટ્રેટેજીનો વિચાર કરવો જોઇએ નહીં, પરંતુ તમામ રોકાણના વિકલ્પોની સાથે અહીં પણ એવી સલાહ આપવામાં આવે છે કે બજારની વિવિધ સ્થિતિમાં સંયુક્ત ટ્રાન્ઝેકશન સાથે સંકળાયેલા જોખમો અને વળતર વિશે અનુભવી અને જાણકાર વ્યક્તિ સાથે વિચાર-વિમર્શ કરવામાં આવે.

**3. વાયરલેસ ટેકનોલોજી/સ્માર્ટ ઓર્ડર રાઉટિંગ અથવા અન્ય કોઈ ટેકનોલોજી મારફતે ટ્રેડિંગ:**

વાયરલેસ ટેકનોલોજી/સ્માર્ટ ઓર્ડર રાઉટિંગ અથવા અન્ય કોઈપણ ટેકનોલોજી મારફતે સિક્યોરિટીના ટ્રેડિંગ સાથે સંલગ્ન કોઈ પણ વિશેષતાઓ, જોખમો, જવાબદારીઓ, ફરજો અને બોજને કોઈ અન્ય રીતે વ્યાખ્યાયિત કરવામાં આવતું હોય તો સ્ટોક બ્રોકર મારફત તે ક્લાયન્ટના ધ્યાને લાવવું જોઇએ.

**4. સામાન્ય**

4.1 'હિસ્સેદાર' શબ્દના અર્થમાં ક્લાયન્ટ, ગ્રાહક અથવા રોકાણકાર સામેલ છે જે એક્સચેંજ દ્વારા પૂરા પાડવામાં આવેલા મિકેનિઝમ મારફત સિક્યોરિટી/ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ ખરીદવા અને/અથવા વેચવા સ્ટોક બ્રોકર સાથે સોદા કરે છે.

4.2 'સ્ટોક બ્રોકર' શબ્દનો અર્થ શેર દલાલ, દલાલ અથવા સ્ટોક બ્રોકર થાય છે, જેને એક્સચેંજ દ્વારા સામેલ કરવામાં આવેલ હોય અને જે સેબીનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર ધરાવતા હોય.

# પરિશિષ્ટ-6

## માર્ગદર્શન નોંધ - રોકાણકારો માટે એક્સચેંજ(સ) પર ટ્રેડિંગ કરવા માટે શું કરવું અને શું ન કરવું

### ટ્રેડ કરવાનું શરૂ કરો તે પહેલાં

1. તમે સેબી દ્વારા નોંધણી પ્રાપ્ત મધ્યસ્થીઓ દ્વારા અને સાથે વ્યવહાર કરી રહ્યાં છો, તેની ખાતરી કરો. સ્ટોક એકચેંજીસ www.exchange.com અને SEBI વેબસાઈટ www.sebi.gov.in પર ઉપલબ્ધ યાદીમાંથી તમે તેઓની SEBI નોંધણી પ્રમાણપત્ર ક્રમાંક ચકાસી શકો છો.
2. તમે KYC ફોર્મ સંપૂર્ણપણે ભર્યું છે અને KYCમાં ખાલી જગ્યા છેકી નાંખી છે, તેની ખાતરી કરો.
3. તમે સ્ટોક બ્રોકરના હક્ક અને ફરજ, રિસ્ક ડિસ્ક્લોઝર ડોક્યુમેન્ટ, કાર્યનીતિ અને પ્રક્રિયા જેવા તમામ ફરજીયાત દસ્તાવેજો વાંચી લીધા છે, તેની ખાતરી કરો.
4. તમારા અને સ્ટોક બ્રોકર વચ્ચે સંમતિની જો કોઈ સ્વૈચ્છિક કલમો હોય તો તેને વાંચો, સમજો તેની ખાતરી કરો અને પછી હસ્તાક્ષર કરો. યાદ રાખો કે તમારા સ્ટોક બ્રોકરો વચ્ચે સંમતિથી થયેલી કલમોને તમારી સંમતિ વગર ન બદલી શકાય.
5. ટ્રેડિંગ માટે સ્ટોક બ્રોકર દ્વારા તમારા પર લાદવામાં આવતા તમામ પ્રકારના બ્રોકરેજ, કમિશન, ફી અને અન્ય દરો અંગે તેમજ સેબી/સ્ટોક એક્સચેંજીસ દ્વારા સ્પષ્ટ કરેલી જોગવાઈઓ/માર્ગદર્શિકાઓ અંગે સ્પષ્ટતા મેળવો.
6. સ્ટોક બ્રોકર તરફથી ઉપયોગમાં લેવામાં આવેલા તમામ દસ્તાવેજોની નકલો મફત મેળવો.
7. જો તમે તમારા બેંક અને ડીમેટ એકાઉન્ટની કામગીરી સંભાળવા માટેની સત્તા સ્ટોક બ્રોકરને સોંપવા તેમની તરફેણમાં પાવર ઓફ એટર્ની (પીઓએ) લાગુ કરવા માગતા હોવ તો આ સંદર્ભે SEBI/એક્સચેંજીસ દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકા વાંચો.

### ટ્રાન્ઝેક્શન્સ અને સેટલમેન્ટ

8. જો તમે લેખિતમાં વિશેષરૂપે સત્તા સોંપી હોય તો સ્ટોક બ્રોકર ઈલેક્ટ્રોનિક કોન્ટ્રાકટ નોટ્સ (ECN) જારી કરી શકે છે. આ માટે તમારે સ્ટોકબ્રોકરને ઈમેઈલ આઈડી મોકલવો જોઈએ. જો તમે કોમ્પ્યુટરથી પરિચિત ન હોવ તો ECN નો વિકલ્પ પસંદ ન કરશો.
9. કોઈની પણ સાથે ઈન્ટરનેટ ટ્રેડિંગ પાસવર્ડ શેર ન કરો.
10. સ્ટોક બ્રોકરને કોઈપણ ચૂકવણી રોકડમાં ન આપો.
11. સ્ટોક બ્રોકરની તરફેણમાં એકાઉન્ટ પેયી ચેકથી ચૂકવણી કરો. સબ-બ્રોકરના નામે ચેક જારી ન કરશો. સ્ટોક બ્રોકર સાથે રહેલી સિક્યોરિટીઝની તમારી ચૂકવણી/ડિપોઝીટના દસ્તાવેજી પુરાવા જેમાં તારીખ, સ્ક્રિપ, સંખ્યા, કઈ બેંક/ડીમેટ એકાઉન્ટમાં અથવા તેનાથી નાણાં/સિક્યોરિટીઝ જમા કરાવવામાં આવેલ છે, વગેરે માહિતી નોંધેલ હોય તે તમારી પાસે છે તેની ખાતરી કરો.
12. નોંધો કે ટ્રેડ વેરિફિકેશનની સુવિધા સ્ટોક એક્સચેંજીસની વેબસાઈટ પર ઉપલબ્ધ છે કે જ્યાં કોન્ટ્રાક્ટ નોટમાં નોંધાયેલ ટ્રેડની વિગતોની ખરાઈ થઈ શકે છે. જેમાં કોન્ટ્રાક્ટ નોટમાં નોંધેલ વિગતો વેબસાઈટ પરની ટ્રેડની વિગતોમાં મેળ ખાતી ન હોય તો તાત્કાલિક સંબંધિત સ્ટોક એક્સચેંજના ઈન્વેસ્ટર ગ્રિવેન્સ સેલનો સંપર્ક સાધો.
13. વર્તમાન એકાઉન્ટને ચલાવવા માટે જો તમે વિશેષ સત્તા સોંપી હોય તો, એક્સચેંજમાંથી ચુકવણી મળ્યાંના એક ચાલુ દિવસની અંદર ફંડની ચૂકવણી કે સિક્યોરિટીઝની ડિલિવરી (તેવો કિસ્સો હોઈ શકે છે) તમને મળી ન પણ શકે. આમ, નીચેની શરતોને આધિન સ્ટોક બ્રોકર નીચેનું ચાલુ એકાઉન્ટ તમારા માટે સંભાળશે.
    - અ) તમારા તરફથી આવી સત્તા તારીખ આધારિત હોવી જોઈએ, માત્ર તમારી સહી હોવી જોઈએ અને એવી શરતો હોવી જોઈએ જેને તમે ગમે ત્યારે રદ્દ કરવા ઈચ્છી શકો.
    - બ) તમારી પસંદગીના આધારે કેલેન્ડર ક્વાર્ટર અથવા મહિનામાં ઓછામાં ઓછા એક વખત ફંડ અને સિક્યોરિટીનું વાસ્તવિક સેટલમેન્ટ સ્ટોક બ્રોકર દ્વારા થવું જોઈએ. એકાઉન્ટને સેટિંગ કરતી વખતે, સ્ટોક બ્રોકરે તમને 'એકાઉન્ટનું સ્ટેટમેન્ટ' મોકલવાનું રહેશે, જેમાં ફંડ માટે ગ્રાહક લેઝરનો ઉતારો અને સિક્યોરિટી રજિસ્ટરનો ઉતારો હોય જેમાં ફંડ અને સિક્યોરિટીની તમામ રિસિપ્ટ/ડિલિવરી દર્શાવવામાં આવી હોય. સ્ટેટમેન્ટમાં એ પણ જણાવવાનું રહેશે કે કેટલું ફંડ અને સિક્યોરિટી જાળવવામાં આવી

છે અને કોઈ શેર ગીરવે મૂકવામાં આવ્યો છે કે કેમ.

ક) સેટલમેન્ટની તારીખે, સ્ટોક બ્રોકર બાકી નીકળતી જવાબદારી માટે આવશ્યક સિક્યોરિટી/ફંડ જાળવી શકે છે અને આગામી 5 ટ્રેડિંગ દિવસ માટે પર્યાપ્ત રહે તે રીતે ડેરિવેટિવ્ઝની માર્જિન પણ રાખી શકે છે, જેની ગણતરી એક્સચેંજીસ દ્વારા નક્કી કરવામાં આવેલી રીતે થશે. કેશ માર્કેટના સોદાની વાત કરીએ તો સ્ટોક બ્રોકર ફંડ અને સિક્યોરિટીની તમામ પે-ઇન જવાબદારી પોતાની પાસે રાખી શકે છે જે સેટલમેન્ટના દિવસે ગ્રાહક પાસેથી નીકળવાપાત્ર હોય અને આગામી દિવસના બિઝનેસ માટે તે એટલા પ્રમાણમાં ફંડ/સિક્યોરિટી/માર્જિન રાખી શકે છે, જેનો આધાર કેશ માર્કેટમાં આવા સેટલમેન્ટના દિવસે થયેલા સોદાના મૂલ્યના પ્રમાણમાં હોય.

ડ) તમારે એકાઉન્ટના સ્ટેટમેન્ટ અથવા સેટલમેન્ટ અંગે કોઈ વિવાદ હોય તો ફંડ/સિક્યોરિટી અથવા સેટલમેન્ટ, જે મળ્યું હોય, તે મળ્યાની તારીખથી કામકાજના 7 (સાત) દિવસની અંદર લેખિતમાં તમારા સ્ટોક બ્રોકરનું ધ્યાન દોરવાનું રહેશે. વિવાદના કિસ્સામાં, આ બાબત કોઈ પણ વિલંબ કર્યા વગર સંબંધિત શેર બજારના ઈન્વેસ્ટર્સ ગ્રિવેન્સ સેલને લેખિતમાં જાણ કરો.

14. તમે ચાલુ એકાઉન્ટ જાળવવાનો વિકલ્પ પસંદ કર્યો ન હોય અને ફંડ/સિક્યોરિટીઝની ચૂકવણી એક્સચેંજીસ તરફથી ચૂકવણી થયાના બીજા કામકાજના દિવસે મળી ન હોય તો કૃપા કરીને આ બાબત સ્ટોક બ્રોકરના ધ્યાનમાં લાવો. જો વિવાદ હોય તો, તમે સંબંધિત સ્ટોક એક્સચેંજના ઈન્વેસ્ટર્સ ગ્રિવેન્સ સેલને તાત્કાલિક લેખિતમાં જાણ કરો.

15. તમારા સ્ટોક બ્રોકરને તમારો મોબાઈલ નંબર અને ઈમેઈલ આઈડી આપો, જેથી ટ્રેડિંગ દિવસના અંતે SMSથી અથવા ઈમેઈલ મારફત સ્ટોક એક્સચેંજ તરફથી ટ્રેડની પુષ્ટિ કરતા એલર્ટ/ટ્રાન્ઝેક્શનની વિગત મળી રહે.

## ટ્રેડિંગ સભ્યપદ ખતમ થવાના કિસ્સામાં

16. જો સ્ટોક બ્રોકર તેનું સભ્યપદ પરત સોંપી દે, સભ્યપદમાંથી હકાલપટ્ટી કરવામાં આવે અથવા ડિફોલ્ટર જાહેર કરવામાં આવે તો; સ્ટોક એક્સચેંજીસ એક નોટિસ આપીને રોકાણકારો પાસેથી સ્ટોક એક્સચેંજના માત્ર "ટ્રેડિંગ સિસ્ટમમાં કરવામાં આવેલા ટ્રાન્ઝેક્શન" અંગે ક્લેમ મંગાવશે. નિર્ધારિત સમયગાળામાં આવશ્યક દસ્તાવેજો સાથે સંબંધિત સ્ટોક એક્સચેંજીસને તમે તેની ફરીયાદ કરો છો તે બાબતની ખાતરી કરો.

17. તમે તમારા સ્ટોક બ્રોકર સમક્ષ જે રકમ અને/અથવા સિક્યોરિટી જમા કરાવો તેના રક્ષણ અંગે વાકેફ રહો, ખાસ કરીને સ્ટોક બ્રોકર ડિફોલ્ટ થાય અથવા દેવાળું ફુંકે અથવા નાદારી નોંધાવે અને તમે જે રકમ અને/અથવા સિક્યોરિટી પુન: મેળવી શકો તેના વિશે વાકેફ રહો જે ટ્રેડ જ્યાં થયું હોય તે સ્ટોક એક્સચેંજના પેટા નિયમો અને નિયમોને આધિન હોય છે તથા સમયાંતરે લાગુ થતી રોકાણકારોના રક્ષણના ફંડની સ્કીમને આધિન હોય છે.

## વિવાદો/ફરિયાદો

18. એ બાબતની નોંધ કરો કે આર્બિટ્રેશન કામગીરી, સ્ટ્રોક બ્રોકરો સામે કાયદેસર કાર્યવાહી અને સ્ટોક બ્રોકરો સામેની રોકાણકારોની ફરિયાદોની વિગત સંબંધિત સ્ટોક એક્સચેંજની વેબસાઈટ પર દર્શાવવામાં આવે છે.

19. સંબંધિત સ્ટોક બ્રોકર/સબ-સ્ટોક બ્રોકર દ્વારા તમારા મુદ્દા/સમસ્યા/ફરિયાદનો નિકાલ ન થાય તો તમે આ બાબત સંબંધિત સ્ટોક એક્સચેંજ સમક્ષ ઉઠાવી શકો છો. જો તમે તમારી ફરિયાદના નિકાલ અંગે સંતુષ્ટ ન હોવ તો તમે SEBI સમક્ષ આ મુદ્દો ઉઠાવી શકો છો.

20. એ બાબતની નોંધ કરો કે તમામ સ્ટોક બ્રોકરો/સબ-બ્રોકરોને SEBIએ તેના ફરિયાદ નિવારણ વિભાગ/અનુપાલન અધિકારીના ઈમેઈલ ID આપવા જણાવાયું છે, જે ખાસ ફરિયાદની નોંધણીના હેતુસર છે.